રાજકોટના ઇસ્કોન મંદિરે થર્ટી ફર્સ્ટની આધ્યાત્મિક ઉજવણી

રાજકોટ,

સામાન્ય રીતે મ્યુઝિક, ડાન્સ અને પાર્ટી દ્વારા ઉજવાતા ૩૧ ડિસેમ્બરને ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા હરે કૃષ્ણ મહામંત્રના કીર્તન, ભક્તિ પૂર્ણ નૃત્ય , આરતી અને પવિત્ર મહાપ્રસાદ દ્વારા આધ્યાત્મિક રીતે ઉજવવામાં આવેલ. રાત્રે ૯ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમમાં ભક્તિ રસથી ભરપૂર કીર્તન અને નૃત્ય દ્વારા સમગ્ર મંદિર પરિસર હરે કૃષ્ણાના નાદથી ગુંજી ઉઠયું હતુ. ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજીની યાદીમાં જણાવ્યા મુજબ આ અનોખી ઉજવણીમાં શહેરના અનેક શ્રદ્ધાળુઓ, યુવા વર્ગ, મહિલાઓ અને મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને ૩૧ ડિસેમ્બ્રની સાચા આધ્યાત્મિક આનંદ સાથે ઉજવણી કરી હતી. રાત્રે બરાબર ૧૨ વાગ્યે ભગવાન શ્રી કૃષ્ણની મહાઆરતી દ્વારા નવા વર્ષનું પાવન સ્વાગત કરવામાં આવ્યું, આ પ્રકારની ઉજવણીને અત્યંત પ્રેરણાદાયક અને મનને શાંતિ આપનારી ગણાવી હતી.

રાજકોટમાં ગ્રાહક સુરક્ષા સપ્તાહ સમાપનમાં ટ્રાફિક, સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું

કાર્યક્રમમાં પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓએ નાગરિકોને જાગૃત કર્યા

રાજકોટ,

ગ્રાહક સુરક્ષા સંગઠન રાજકોટ દ્વારા પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણીના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સપ્તાહ' નો સમાપન સમારોહ ત્રિકોણબાગ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાગરિકોને ટ્રાફિક, સાયબર ક્રાઈમ અને ખાદ્ય સુરક્ષા અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ટ્રાફિક પી.એસ.આઈ. ભાગોરા, સાયબર ક્રાઈમના પી.એસ.આઈ. એસ.વી. ભાષાણી તથા મૌનીકભાઈ ટંકારીયા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફટી ઓફિસર સી.ડી. વાઘેલાએ ઉપસ્થિત રહીને જનતાને કાયદાકીય માહિતી અને જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને ફૂડ વિભાગની ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વાન દ્વારા ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ અંગેનું લાઈવ ડેમોન્ટ્ર શન કરવામાં આવ્યું હતું.

આ તકે રાજકોટ જિલ્લાવ ગ્રાહક સુરક્ષા મંડળના અધ્યક્ષ યશવંતભાઈ જનાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં રાજુભાઈ બારૈયા, નીતિનભાઈ નથવાણી, ભાગ્યેવશભાઈ વોરા અને યશભાઈ રાઠોડ પિયુષભાઈ પટેલ, સાવનભાઈ ભાડલીયા, ધીમંતભાઈ કલ્યાણી, મનોજભાઈ હાજર રહ્યા હતા અંતમાં આભારવિધિ દિપકભાઈ કલ્યાણીએ કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી સાથે ગોપીભાઈ પટેલ, ધર્મેશભાઈ જીવાણી, મનીષભાઈ પટેલ, હિરેનભાઈ કલ્યાણી, અશ્વિનભાઈ પટેલ, જહેમત ઉઠાવી હતી.

ગોંડલના મોટા મહિકામાં વિજ્ઞાન જાથા દ્વારા કેમ્પમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામમાં આર. આર. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની છાત્રાઓના એન.એસ.એસ. કેમ્પ માં ગ્રામજનોમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટને ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, પ્રોગ્રામ ઓફિસર ડો. પી.એમ. સખીયા, પ્રિન્સીરપાલ એમ. એલ. બાલધા, સતીષભાઈ વસોયા, સાગરભાઈ વિરડીયા, પી.એસ.આઈ. સોલંકીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું વિજ્ઞાન દ્રષ્ટિકોણ સર્વગ્રાહી લાભદાયી છે. માનવીના ઉત્થીનમાં વિજ્ઞાનનો પાયો જ કામ આવે છે. વિજ્ઞાન વિના માનવી પાંગળો બની જાય છે. પ્રત્યેક ક્ષણે વિજ્ઞાનનો ઉપયોગ કરવો પડે છે. ધર્મ-આધ્યાત્મિક, ઈતિહાસ, શ્રધ્ધા-સંસ્કતિના ગાવણા વાગોળવાથી દેશની પ્રગતિ થવાની નથી. પુરૂષાર્થ, વાસ્તાવાદ, રાષ્ટ્રેવાદ, માનવ ધર્મને અનુસરવું જોઈએ. તકે સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામીએ મુંજાવરની વેશભૂષામાં પ્રયોગ નિદર્શન કરી ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, રવિ પરબતાણી, સિધ્ધાર્થ દેગામી સુરત, ભાનુબેન ગોહિલ પ્રયોગમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ વિરડીયા, ડો. પી. એમ. સખીયાએ કર્યું હતું. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સોલંકી, પોલીસ કર્મીઓ હાજર રહી બંદોબસ્ત જાળવ્ય હતો. તેમ ભારત જન વિજ્ઞાન જાથા (મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯)ની યાદીમાં જણાવાયુ છે.

રાજકોટના વોર્ડ નં.૨ના રામેશ્વર-ગીતગુર્જરી સોસાયટીમાં ડામર કામનું ખાતમુહુર્ત

રાજકોટ,

રાજકોટના વોર્ડ નં.૨માં આવેલ શિવાનંદ બગીચાથી રામેશ્વર ચોક સુધી અને ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ પર ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોદેદારો અને વિસ્તારના આગેવાનો હાજર રહ્યા હતા.

જસદણની કનેસરા અને વીંછિયાની પાટિયાળીમાં બે નવી માધ્યમિક શાળાનું લોકાર્પણ કરાયું

લોકાર્પિત માધ્યમિક શાળામાં બાળકોના જીવનનું ઘડતર થશેઃ મંત્રી કુંવરજીભાઈ

રાજકોટ,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ આજે જસદણ તાલુકાના કનેસરા ગામ ખાતે રૂ.૪.૪૨ કરોડના ખર્ચે નિર્મિત તથા વીંછિયા તાલુકાના પાટિયાળી ગામે રૂ.૪.૧૯ કરોડના ખર્ચે નિર્મિત નવી માધ્યમિક શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ નવી શાળાઓથી વિસ્તારના બાળકોને અભ્યાસ માટે વધુ એક સુવિધા ઉપલબ્ધ થઈ છે.

કનેસરા તથા પાટિયાળી ખાતે નવી માધ્યમિક

શાળાની તકતીનું અનાવરણ કર્યા બાદ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો તેમજ બાળકોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, નવનિર્મિત આ શાળામાં ભવિષ્યની પેઢી એવા બાળકોના જીવનનું ઘડતર થશે અને તેમના પરિવારનો ઉદ્ધાર થશે.

જસદણના કનેસરાના કાર્યક્રમમાં શિક્ષક શ્રી રીંકલ રૈયાણીએ સ્વાગત પ્રવચન જયારે સ્કૂલના આચાર્ય શ્રી નિરેનભાઈ ભટ્ટીએ આભારવિધિ કરી હતી. જયારે પાટિયાળીમાં શિક્ષક સુશ્રી પૂજા દોંગાએ સ્વાગત પ્રવચન જયારે આચાર્યા સુશ્રી જયાબેન નંદાણીયાએ આભારવિધિ કરી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સાયકલ રેલી યોજાશે

વેરાવળ,

રાજય સરકારના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર હસ્તકના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ની કચેરી ગીર સોમનાથ દ્વારા સંચાલિત ચાલુ વર્ષે સાગરખેડૂ સાયકલ રેલી ૨૦૨૫-૨૬નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદાવાળા વિદ્યાર્થી, બિન વિદ્યાર્થીઓ યુવક/ યુવતીઓને સાગરખેડૂ સાયકલ રેલી માં જોડાવા ની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવા રાજય સરકાર દ્વારા સાગરખેડૂ સાયકલ રેલી ૧૦ દિવસ માટે નો કાર્યક્રમ યોજાશે. જાન્યુઆરી-૨૦૨૬ માં ગીર સોમનાથ ખાતે સાગરખેડૂ સાઈકલ રેલી યોજાશે. જેમાં રાજયના પસંદ થયેલ યુવક - યુવતિઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

જે સાગરખેડૂ સાયકલ રેલીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેવા યુવક-યુવતીઓએ સાદા કાગળ ઉપર પોતાનું પુરુ નામ,સરનામું,મોબાઈલ નંબર,જન્મ તારીખ,શૈક્ષણિક લાયકાત,વ્યવસાય,વાલીનું સંમતિ પત્રક,તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો,શારીરિક તંદુરસ્તી અંગે નું ડોક્ટરનું પ્રમાણપત્ર, રમત ગમત પ્રવૃત્તિ,પર્વતારોહણ તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હોય તો, તે અંગેનું પ્રમાણપત્ર વગેરે સંપૂર્ણ વિગતો ભરવાની રહેશે.

રાજકોટમાં કોંગ્રેસ નેતાઓની રજૂઆતના પગલે માલવિયા ચોકમાં નવો તિરંગો લહેરાયો

રાજકોટ,

રાજકોટ શહેરના માલવિયા ચોકમાં આવેલ સર્કલ વચ્ચે થોડા દિવસોથી તિરંગો ધ્વજ જર્જરીત બની ગયો હોય કોંગ્રેસ નેતા મહેશ રાજપુતે ફાયર ઓફિસરને ફરિયાદ અને રજુઆત કર્યા હતા. આ બાદ મનપા ફાયર શાખાએ તાત્કાલીક નવો તિરંગો ધ્વજ લહેરાવ્યો છે.

વેરાવળના નવનિયુક્ત પોલીસ ઇન્સ્પેક્ટર જે. એન. ગઢવીએ ચાર્જ સંભાળ્યો

મિતેશ પરમાર, વેરાવળ,

વેરાવળના નવ નિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર જે .એન. ગઢવી ની તાલાલા થી વેરાવળ ખાતે બદલી થતા ચાર્જ સંભાળ્યો છે. મે ૧૯૮૫ માં ગાંધીનગર ખાતે જન્મેલા તેઓ ૨૦૧૦ થી ગુજરાત પોલીસમાં પીએસઆઇ તરીકે જોડાયા અને પંચમહાલ તથા આણંદ મુકામે યશસ્વી કામગીરી કરી અને ૨૦૨૨ માં પ્રમોશન મળતા અમદાવાદ એ.સી.બી પોલીસ ઈન્સ્પેક્ટર બન્યા અને ૨૦૨૪ થી ગીર સોમનાથ જિલ્લા એસ.ઓ.જી તથા તાલાલા પોલીસ સ્ટેશનમાં યશસ્વી કામગીરી બજાવી મહત્વના ગુન્હા ઓ ડીટેકટ કર્યા વેરાવળ ચાર્જ સંભાળતા જ તુરતજ કામગીરીનો પ્રારંભ કરી પોલીસ કામગીરીની જાણકારી મેળવી હતી.

રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે મોરવાડા પ્રાથમિક શાળાના નવા વર્ગખંડોનું લોકાર્પણ

રાજય સરકારે જાહેર કરેલા રાહત પેકેજમાંથી મોરવાડાના ખેડૂતોના ખાતામાં રૂ.૧.૩૭ કરોડ જમા થયા : રાજયમંત્રીશ્રી

અમરેલી

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કુંકાવાવ તાલુકાના મોરવાડા પ્રાથમિક શાળામાં રૂ. ૨૪.૪ લાખના ખર્ચે નિર્મિત નવા વર્ગખંડનું લોકાર્પણ ઊર્જા રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આશરે ૧૨૦૦ની વસ્તી ધરાવતા મોરવાડા ગામમાં બાળકોને ગુણવત્તાયુક્ત અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજય સરકાર દ્વારા અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારના અંદાજે ૯૦ ટકા ગામડાંઓમાં શાળાના નવા ભવન અને વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરાંત, મોરવાડા ગામમાં રૂ. ૫૨ લાખના અન્ય વિકાસકાર્યો પણ મંજૂર કરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ખેડૂતોના હિતમાં રાજય સરકારે કમોસમી વરસાદ બાદ જાહેર કરેલા રાહત પેકેજ અંતર્ગત મોરવાડા ગામના ખેડૂતોના ખાતામાં અંદાજે રૂ. ૧.૩૭ કરોડની રકમ જમા કરવામાં આવી હોવાનું રાજયમંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ખેડૂતોને વિશાળ રાહત પેકેજ આપવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

રાજકોટના શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા વિકલાંગો માટે વિનામુલ્યે કેમ્પ યોજાશે

રાજકોટ,

પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ (સદ્ગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ દ્વારા વિકલાંગ બાળકો, યુવાનો અને વૃધ્ધો તથા જન્મ જાત ખોડખાંપણ ધરાવતા લોકો માટે તા. ૨૪-૧-૨૦૨૬ના શનિવારે નિઃશુલ્ક સારવાર તથા ઓપરેશન કેમ્પધ યોજવામાં આવેલ છે. પતિત પાવન ભગવાનશ્રીની જન્મ જયંતિ નિમિતે યોજેલ આ કેમ્પમાં સરકાર તરફથી વિકલાંગતાનું પ્રમાણપત્ર મળેલ હોય તેવા લોકોને હાથ, પગ વિગેરે અંગોનું મફત ઓપરેશન કરી અપાશે. જેમાં સુરતના પ્રખ્યાત ડો. મનોજભાઈ પટેલ સેવા આપશે.

વિકલાંગતા તથા ખોડખાપણ ધરાવતા લોકોને રાજકોટ સદ્ગુરૂ આશ્રમ ખાતે તપાસ કરી ઓપરેશન માટે સુરત ખાતે લઇ જઇ મફત ઓપરેશન કરી અપાશે. ત્યાં રહેવા, જમવા સહીતની સુવિધા પણ વિનામુલ્યે પુરી પાડવામાં આવશે. રાજકોટ શહેર કે આસપાસના ગામોના દિવ્યાંગ કે જન્મધ જાત વિકલાંગતાની ખોડ ધરાવતા લોકોએ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે. આ માટે વિકલાંગતા પ્રમાણપત્ર સાથે તા. ૨૪ જાન્યુઆરીના કેમ્પના સ્થળ શ્રી રણછોડદાસજી આશ્રમ, રાજકોટ ખાતે સવારે ૯ વાગ્યે ઉપસ્થિત થવાનું રહેશે. દર્દીઓ પોતાના નામ અગાઉથી નોંધાવવા મો.૯૫૮૬૩ ૦૮૧૭૮ અથવા મો.૮૪૬૦૯ ૨૮૫૦૮ ઉપર સંપર્ક કરવા સદ્ગુરૂ સદન ટ્રસ્ટ રાજકોટની યાદીમાં જણાવાયુ છે

ઉનામાં ધારાસભ્યએ ભૂગર્ભ ગટરના કામનું કર્યું નિરીક્ષણ

ટેન્ડર પ્રક્રિયા મુજબ ગુણવત્તાયુક્ત કામ કરવા કોન્ટ્રાક્ટર-સ્ટાફને સૂચના

કૈલેશ ભટ્ટ ઉના

ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે શહેરમાં ચાલી રહેલા ભૂગર્ભ ગટરના કામોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિવિધ વિસ્તારો અને બજારોમાં નગરપાલિકા દ્વારા નિર્માણાધીન નવી ભૂગર્ભગટરોની સ્થિતિ તપાસી હતી. નિરીક્ષણ દરમિયાન, ધારાસભ્યએ કોન્ટ્રાક્ટર અને નગરપાલિકાના સ્ટાફને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કામ સંપૂર્ણપણે ટેન્ડર પ્રક્રિયા મુજબ થવું જોઈએ અને તેમાં ઉચ્ચ ગુણવત્તાવાળી સામગ્રીનો ઉપયોગ થવો જોઈએ. કામની ગુણવત્તા જાળવવા અને નિર્ધારિત ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા અને પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દ્વારકાધીશ હવેલી અમરેલીના ટ્રસ્ટી તરીકે સેવા આપતા ભાવેશભાઈ છોટાલાલ વસાણીની પ્રાર્થનાસભા યોજાય

શ્રી દ્વારકાધીશ હવેલી અમરેલીના શ્રી દ્વારકેશ લાલજી મહારાજ તથા શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજ દ્વારા પણ ટેલીફોનથી આશ્વાસન આશીર્વાદ અને વસાણી પરિવારને સાંત્વન આપી

અમરેલી તા.

અમરેલી જિલ્લાના ઉધોગપતિ તથા માર્કેટ યાર્ડ ખાતે પેઢી ધરાવતા છોટાલાલ પોપટલાલ વસાણી પરિવારના મોભી તથા અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ તથા દ્વારકાધીશ હવેલી અમરેલીના ટ્રસ્ટી તરીકે સેવા આપતા ભાવેશભાઈ છોટાલાલ વસાણીનું (ઉ.વ.૫૯) નું દુઃખદ અવસાન થતા તેમની અચાનક વિદાયથી લોહાણા સમાજ, વૈષ્ણવ સમાજ તથા વેપારી સમાજ તથા વસાણી પરિવારને ઘણી મોટી ખોટ પડી છે. સદગતની યોજાયેલ પ્રાર્થનાસભામાં વિવિધ સંસ્થાઓ તરફથી જ્ઞાતિ સમાજ જાહેર સંસ્થાઓ તથા લોહાણા સમાજ તથા અન્ય સમાજના વેપારી બધુંઓ ઉપસ્થિત રહયા હતાં. જયારે શ્રી દ્વારકાધીશ હવેલી અમરેલીના શ્રી દ્વારકેશ લાલજી મહારાજ તથા શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજ દ્વારા પણ ટેલીફોનથી આશ્વાસન આશીર્વાદ મળેલ હતાં. આ ઉપરાંત અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન પી.પી. સાજીત્રા, અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ ભરતભાઈ કાનાબાર, પ્રફુલભાઈ બાટવીયા તથા હરીરામબાપા ટ્રસ્ટના એ.ડી. રૂપારેલ, જીતુભાઈ ગોળવાળા સહિતનાં આગેવાનોએ વસાણી પરિવારના દુઃખ માં સહભાગી થઈ સાંત્વના પાઠવેલ હતી. જયારે સાવરકુંડલા લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સભ્યો રાજુભાઈ શીંગાળા, ટ્રસ્ટી ઉપ પ્રમુખ,હીતેશભાઈ સરૈયા, પ્રકાશભાઈ વડેરા મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલાના કિર્તીભાઈ રૂપારેલ, અંતુભાઈ ગઢીયા, સાવરકુંડલા લોહાણા વિદ્યાર્થી ભવનના અષ્ટકાતભાઈ સુચક વિગેરેએ સાંત્વન આપવા પધારેલા જે અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટના ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા તથા અતુલભાઈ વસાણી ગોવર્ધનનાથજી હવેલીના ટ્રસ્ટીએ જણાવેલ છે